8

ક્રમાંકઃપ્રાશિનિ/ખ-૨/અપીલ-ઓ.લા./ભાવનગર/૨૦૧૯/૯૭,૧૯૧-૯૩

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા.૨૫/૧૦/૨૦૧૯

વિષયઃ- નવી ખાનગી (બિન અનુદાનિત)પ્રાથમિક શાળા/ક્રમિક વર્ગ/વર્ગ વધારા માટે અપીલ અરજી બાબત.

વંચાણે લીધાઃ-

(૧) મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ- ૧૯૪૭ અને તે હેઠળના ૧૯૪૯ના નિયમોની જોગવાઇઓ

(૨) ગુજરાત RTE નિયમો- ૨૦૧૨, શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરનું જાહેરનામા ક્રમાંકઃ GH-SH-4-PRE-૧૨૨૦૧૦/GOI-10/K તા.૧૮-૨-૨૦૧૨

(3) જિ.પ્રા.શિ.અ. ની કચેરી, ભાવનગર આદેશ નં. શિક્ષણ/ખાનગી/વર્ગ વધારો/વશી/ ૧૯/ ૧/ ૨૬૩૪ તા.૨૭/૦૫/૨૦૧૯ VAL500002

(૪) ટ્રસ્ટી, પોદાર લીટરેશી એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, ૮૫, પોદાર સેન્ટર, ડૉ. આંબેડકર રોડ, ચામારબાગ, પોસ્ટ ઓફીસ રોડ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨ અપીલ અરજી તા. ૧૪/૧૦/૨૦૧૯ ની અરજી.

(૫) શિ.વિ.ના જાહેરનામા ક્રમાંક- GH/SH/85/PRE/112018/Single File-24/K : Date 04th October,2019

આમુખઃ-

પોદાર લીટરેશી એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, ૮૫, પોદાર સેન્ટર, ડૉ. આંબેડકર રોડ, ચામારબાગ, પોસ્ટ ઓફીસ રોડ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨ સંચાલિત પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ, વરતેજ સિદસર રોડ, મામાકા ધાબા રેસ્ટોરન્ટ, ભાવનગરની ૩૬૪૦૬૦ની જૂનઃ૨૦૧૯ થી બિનઅનુદાનિત ખાનગી ઉચ્ચ પ્રાથમિક શાળાનો ધોરણ- ૬ થી ૮ નો વર્ગ (અં.મા.) શરૂ કરવાની દરખાસ્ત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ભાવનગરએ ઉપર વંચાણે લીધેલ હુકમ પત્ર (૩) થી નામંજૂર કરેલ છે. જેની સામે સદરહુ ટ્રસ્ટે શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્ર (૨) ના જાહેરનામાથી પ્રસિધ્ધ થયેલા R.T.E. રૂલ્સ ૨૦૧૨ ના નિયમઃ ૧૩(૮) ની જોગવાઇ મુજબ આ કચેરીને અપીલ દાખલ કરી હતી.

૨/ સદરહુ અપીલ અરજીની સુનાવણી તા. ૨૨/૧૦/૨૦૧૯ ના રોજ રાખવામાં આવી હતી. સુનાવણીમાં નીચેના પક્ષકારો હાજર રહેલા છે.

(૧) સંસ્થાના તરફથી સેક્રેટરી હિના શાહ ઉપસ્થિત રહેલ.

3/- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ભાવનગરએ બિન અનુદાનિત ખાનગી ઉચ્ચ પ્રાથમિક શાળાનો ધોરણ- ૬ થી ૮ નો વર્ગ (અં.મા.) નામંજૂર કરેલ છે. નામંજૂર કરવાના કારણો નીચે પ્રમાણે છે.

- શાળાનું મકાન ટ્રસ્ટની પોતાની માલિકીનું નથી.
- રમતગમતનું મેદાન ટ્રસ્ટની માલિકીનું નથી.

PRINCIPAL
PODAR INTERNATIONAL SCHOOL
BHAVNAGAR.

૪/- સુનાવણી દરમ્યાન સંસ્થાએ નીચે મુજબ લેખિત તથા મૌખિક રજૂઆત કરેલ છે.
સંસ્થાએ નામંજુરીના આદેશમાં ઉપસ્થિત કરેલ મુદ્દા પરત્વે સદરહુ શાળા જૂની શાળા છે. શાળામાં ધોરણ- ૧ થી ૫ (અંગ્રેજી માધ્યમ) ચાલુ છે. શાળા લીઝ પર હોવાનો આધાર રજુ કરેલ છે. શાળાનો નકશો એપ્રુવ કરાવેલ છે. બી.યુ.પી. સર્ટી રજુ કરેલ છે. રમતગમતનું પુરતા ક્ષેત્રફળવાળુ હોવાનો આધાર રજુ કરેલ છે. સ્કુલ સેફટી પોલીસીના અમલની બાંહેધરી આપેલ છે. ચેકલીસ્ટ મુજબ

General Manager
(Saurashtra Region)

તારણો:-

સંસ્થાએ નામંજુરીના આદેશમાં ઉપસ્થિત કરેલ મુદ્દાઓ પરત્વે આ જ શાળામાં અંગ્રેજી માધ્યમમાં ધો. ૧ થી ૫ ની શાળા વર્ષ ૨૦૧૨ થી ચાલે છે. શાળાનું મકાન અને રમતગમતનું મેદાન ૨૯ વર્ષનું લીઝ પર રાખેલ છે. આધારો રજુ કરેલ છે. શૈક્ષણિક હેતુ માટે એન.એ. થયેલ છે. સક્ષમ અધિકારીનું વિકાસનું પરમીશન મેળવેલ છે. સક્ષમ અધિકારીનું બી.યુ.પી. રજુ કરેલ છે. પુરતા ક્ષેત્રફળવાળુ રમતગમતનું મેદાન છે. સક્ષમ અધિકારીનું બી.યુ.સી. પણ રજુ કરેલ છે. સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટી માન્ય અધિકારીનું રજુ કરેલ છે. શાળાનો નકશો અધિકૃત અધિકારી ધ્વારા એપ્રુવ કરાવેલ છે. પુરતા ક્ષેત્રફળવાળા ઓરડા છે. ફાયર સેફટીનું એન.ઓ.સી. રજુ કરેલ છે.

ઉકત વિગતો અને સંદર્ભ- ૫ માં દર્શાવેલ જાહેરનામું ધ્યાને લેતાં શાળા મંડળને ધોરણ ૬ થી ૮ (અંગ્રેજી માધ્યમ) મંજુર કરવામાં હરકત સરખુ નથી.

હુકમ:-

હું ડૉ. એમ.આઈ.જોષી પ્રાથમિક શિક્ષણ નિયામક (ગુ.રા.) મને આમુખ- ૧, મુજબ મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ- ૧૯૪૭ અને નિયમો-૧૯૪૯ તથા આમુખ- ૨, ગુજરાત RTE નિયમો- ૨૦૧૨ હેઠળ મળેલ સત્તા અન્વયે પોદાર લીટરેશી એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, ૮૫, પોદાર સેન્ટર, ડૉ. આંબેડકર રોડ, ચામારબાગ, પોસ્ટ ઓફીસ રોડ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨ સંચાલિત પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ, વરતેજ સિદસર રોડ, મામાકા ધાબા રેસ્ટોરન્ટ, ભાવનગરની જૂન:૨૦૧૯ થી બિનઅનુદાનિત ખાનગી ઉચ્ચ પ્રાથમિક શાળાનો ધોરણ- ૬ થી ૮ નો એક એક વર્ગ (અં.મા.) શરૂ કરવાની દરખાસ્ત ઉપર્યુકત તારણમાં જણાવેલ કારણોસર મંજૂર કરવાનો આદેશ કરું છું.

જિલ્લા શિક્ષણાધિકારીને સદર શાળા/વર્ગની નોંધણી કરી આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. શાળાને ગુજરાત RTE રૂલ્સ- ૨૦૧૨, સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬ અને ફી રેગ્યુલેશન એકટ- ૨૦૧૭ નો અમલની કરવાની તથા ફાયર સેફટી હોવા અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર મેળવી લેવાની શરતે મંજૂરી આપવામાં આવે છે.

(ડૉ.એમ.આઈ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

DIRECTORATE OF PRIMARY EDUCATION, GOVT OF GUJ

પ્રતિ,

(૧) પ્રમુખ/મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
- પોદાર લીટરેશી એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, ૮૫, પોદાર સેન્ટર, ડૉ. આંબેડકર રોડ, ચામારબાગ, પોસ્ટ ઓફીસ રોડ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨ C/O પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ, વરતેજ સિદસર રોડ, મામાકા ધાબા રેસ્ટોરન્ટ, ભાવનગર

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર

(3) સિલેક્ટ ફાઈલ

General Manager
(Saurashtra Region)
Podar International School

PRINCIPAL
PODAR INTERNATIONAL SCHOOL
BHAVNAGAR.

9

5385.

ક્રમાંકઃપ્રાશિનિ/ખ-૨/અપીલ ઓ.લા./સુધારો/ભાવનગર/૨૦૧૯-૨૦/ ૯૫૪-૫૭

RPAD

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા. ૦૩/૦૧/૨૦૨૦

વિષયઃ- પોદાર લીટરેશી એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, ૮૫, પોદાર સેન્ટર, ડૉ. આંબેડકર રોડ, ચામારબાગ,પોસ્ટ ઓફિસ રોડ, પરેલ, મુંબઇ – ૪૦૦૦૧૨ સંચાલિત પોદાર ઇન્ટરનેશનલ સ્કુલ, વરતેજ સિદસર રોડ, ભાવનગરની અપીલ અંગે સુધારા આદેશ બહાર પાડવા અંગે.

સંદર્ભ - (૧) જિ.પ્રા.શિ.ની કચેરી/જિ.શિ.ની કચેરી, ભાવનગરના આદેશ નં. શિક્ષણ/ખાનગી/નવી શાળા/વશી/૧૯/૧/૨૬૩૪ તા.૨૭/૦૫/૨૦૧૯ BHA500001

(૨) અત્રેના હુકમ ક્રમાંક-પ્રાશિનિ/ખ-૨/અપીલ ઓ.લા./ભાવનગર/૨૦૧૯/૧૦૧૯૧-૯૩ તા. ૨૧/૧૦/૨૦૧૯

(૩) આચાર્યશ્રી, પોદાર ઇન્ટરનેશનલ સ્કુલ, વરતેજ સિદસદ રોડ, ભાવનગરનો તા.૦૯-૧૨-૧૯ નો પત્ર

સુધારા આદેશ -

પોદાર લીટરેશી એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, ૮૫, પોદાર સેન્ટર, ડૉ. આંબેડકર રોડ, ચામારબાગ,પોસ્ટ ઓફિસ રોડ, પરેલ, મુંબઇ – ૪૦૦૦૧૨ સંચાલિત પોદાર ઇન્ટરનેશનલ સ્કુલ, વરતેજ સિદસર રોડ, ભાવનગરની જૂન- ૨૦૧૯ થી બિનઅનુદાનિત ખાનગી ઉચ્ચ પ્રાથમિક શાળા માટે ધો. ૬ થી ૮ (અં.મા.) એક એક વર્ગ શરૂ કરવાની દરખાસ્ત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ભાવનગરએ ઉપર વંચાણે લીધેલ હુકમ પત્ર (૧) થી નામંજૂર કરેલ છે. જેની સામે સદરહુ R.T.E. રૂલ્સ ૨૦૧૨ ના નિયમઃ ૧૩(૮) ની જોગવાઇ મુજબ આ કચેરીને અપીલ દાખલ કરી હતી.

જે પરત્વે સંદર્ભ-૨ માં દર્શાવેલ અત્રેના જા.નં. ૧૦૧૯૧-૯૩ તા. ૨૧/૧૦/૨૦૧૯ થી કરવામાં હુકમમાં વંચાણે લીધા ક્રમ-૩ માં " VAL500002 " લખાયેલ છે તેને હવે બદલે હવે " BHA500001 " એમ વાંચવા અંગેનો સુધારો કરવામાં આવે છે. આ સિવાય સંદર્ભ-૨ માં દર્શાવેલ તા. ૨૧/૧૦/૨૦૧૯ જા.નં. ૧૦૧૯૧-૯૩ ના આદેશમાંની અન્ય વિગતો યથાવત રહેશે.

(ડૉ.એમ.આઈ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ.

(૧) પ્રમુખ/મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
- પોદાર લીટરેશી એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, ૮૫, પોદાર સેન્ટર, ડૉ. આંબેડકર રોડ, ચામારબાગ, પોસ્ટ ઓફિસ રોડ, પરેલ, મુંબઇ – ૪૦૦૦૧૨
C/O પોદાર ઇન્ટરનેશનલ સ્કુલ, વરતેજ સિદસર રોડ, ભાવનગર

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ભાવનગર

(૩) સિલેક્ટ ફાઈલ

INWARD
No. 7190
Date 09/01/2020

General Manager
(Saurashtra Region)
Podar International School

PRINCIPAL
PODAR INTERNATIONAL SCHOOL
BHAVNAGAR.